

TOUR CODE : KS-2324-03/04

5% GST Extra

NAVBHARAT TOURISM

# કાશ્મીર

૮ રાત્રી
૯ દિવસ

## KS-2324-03 ડીલક્ષ ટુર પેકેજ

**૪ શ્રીનગર - ૨ પહેલગામ - ૨ કટરા**

| પ્રતિ વ્યક્તિ | ત્રીજી વ્યક્તિ (એક જ રૂમમાં) | બાળક (સીટ સાથે) (પથારી વગર/૩-૧૦ વર્ષ) |
|---|---|---|
| રૂા. ૨૬૫૦૦/- | રૂા. ૨૪૫૦૦/- | રૂા. ૧૯૫૦૦/- |

## KS-2324-04 રોયલ ટુર પેકેજ

**૩ શ્રીનગર - ૧ ગુલમર્ગ - ૨ પહેલગામ - ૨ કટરા**

| પ્રતિ વ્યક્તિ | ત્રીજી વ્યક્તિ (એજ રૂમમાં) | બાળક (સીટ સાથે) (પથારી વગર/૩-૧૦ વર્ષ) |
|---|---|---|
| રૂા. ૩૪૫૦૦/- | રૂા. ૩૧૫૦૦/- | રૂા. ૨૬૫૦૦/- |

**૩ વર્ષ સુધીનું બાળક ફ્રી**

બુકીંગ ફોર્મમાં ૩ થી ૧૦ વર્ષ સુધીના બાળકની વિગત આપવી તથા બુકીંગ સમયે તે બાળકનું ફોટો આઈ-ડી અને જન્મનું પ્રમાણપત્ર ઓફિસમાં આપવું ફરજીયાત છે. અન્યથા ઓફિસમાં જાણ કર્યા વગરના બાળકની રકમ ટુર મેનેજરને ટુર ઉપડતા પહેલા ચૂકવવાની રહેશે.

### શ્રીનગર પહોંચવાની તારીખ

**એપ્રિલ** : ૫, ૧૧, ૧૭, ૨૩, ૨૯

**મે** : ૧, ૪, ૭, ૧૦, ૧૩, ૧૬, ૧૯, ૨૨, ૨૫, ૨૮, ૩૧

**જૂન** : ૩, ૬, ૯, ૧૨

### દિવસ-૧ : શ્રીનગર આગમન
એર દ્વારા શ્રીનગર એરપોર્ટ આગમન અને અહીંથી સંખ્યા પ્રમાણે વાહન દ્વારા રવાના થઈ હોટલમાં ચેક-ઈન. સાંજે દાલ લેકમાં ૬૦ મિનિટની શિકારાની સહેલગાહ માણો. **રાત્રી રોકાણ શ્રીનગર** (L+D)

### દિવસ-૨ : શ્રીનગર - સોનમર્ગ - શ્રીનગર (૯૦ કિ.મી. ૪ કલાક)
સવારે શ્રીનગરથી સોનમર્ગ જવા માટે પ્રસ્થાન. સોનમર્ગ આગમન અને ગ્લેસીયરમાં સ્લેજ ગાડીની મજા માણો (સ્વખર્ચે). સાંજે અહીંથી પરત શ્રીનગર. **રાત્રી રોકાણ શ્રીનગર** (B+L+D)

### દિવસ-૩ : શ્રીનગર
સવારે અહીં આવેલ શંકરાચાર્ય મંદિરના દર્શન. અહીં મુગલ સામ્રાજ્ય સમયે બનાવેલ શાલીમાર ગાર્ડન, નિશાંત ગાર્ડન અને ચશ્મેશાહી ગાર્ડનની મુલાકાત. સાંજે શ્રીનગરના સ્થાનિક બજારમાં ખરીદીની મજા માણો. **રાત્રી રોકાણ શ્રીનગર** (B+L+D)

### દિવસ-૪ : શ્રીનગર - ગુલમર્ગ - શ્રીનગર (૫૨ કિ.મી. ૨ કલાક)
સવારે શ્રીનગરથી ગુલમર્ગ જવા માટે પ્રસ્થાન. ગુલમર્ગ આગમન અને અહીં આવેલ ગંડોલા કેબલ કાર દ્વારા સ્નો પોઈન્ટ (ખીલનમર્ગ)ની મુલાકાત. જ્યાં બરફમાં ઘોડે સવારી, સ્કીઈંગ તથા સ્લેજ ગાડીનો આનંદ માણી શકો છો. (સ્વખર્ચે) સાંજે શ્રીનગર પરત. **રાત્રી રોકાણ શ્રીનગર / ગુલમર્ગ** (B+L+D)
(**નોંધ :** રોયલ ટુર પેકેજના પ્રવાસીઓને ગુલમર્ગમાં રાત્રી રોકાણ રહેશે.)

### દિવસ-૫ : શ્રીનગરથી પહેલગામ (૧૦૦ કિ.મી. ૪ કલાક)
સવારે શ્રીનગરથી પહેલગામ જવા માટે પ્રસ્થાન. પહેલગામ આગમન અને હોટલમાં ચેક-ઈન. પહેલગામ લીડર નદીને કિનારે આવેલ અતી રમણીય ગિરિમથક છે. સાંજે સ્વૈચ્છિક વિહાર. **રાત્રી રોકાણ પહેલગામ** (B+L+D)

### દિવસ-૬ : પહેલગામ
સવારે પહેલગામના દર્શનીય સ્થળો ચંદનવાડી, બેતાબવેલી અને આરૂ વેલીની મુલાકાત. બેતાબ વેલી ફિલ્મોના શૂટિંગ માટે પ્રખ્યાત જગ્યા છે. બેતાબ ફિલ્મના શૂટિંગ બાદ આ જગ્યા બેતાબ વેલીના નામથી પ્રચલિત છે. બપોરના ભોજન બાદ ઘોડા દ્વારા બાયસરન અને ડરબીયન વેલીની મુલાકાત (સ્વખર્ચે). **રાત્રી રોકાણ પહેલગામ** (B+L+D)

### દિવસ-૭ : પહેલગામથી કટરા (૨૨૦ કિ.મી. ૭ થી ૮ કલાક)
સવારે પહેલગામથી કટરા જવા માટે પ્રસ્થાન. કટરા આગમન અને હોટલમાં ચેક-ઈન. સાંજે સ્વૈચ્છિક વિહાર. **રાત્રી રોકાણ કટરા** (B+D)

### દિવસ-૮ : કટરા-વૈષ્ણોદેવી-કટરા (૧૪ કિ.મી.)
સવારે કટરાથી ૧૪ કિ.મી. દૂર આવેલ વૈષ્ણોદેવીના દર્શન માટે પ્રસ્થાન. દર્શન માટે ચાલતા, ઘોડા, ડોળી અથવા હેલીકોપ્ટર દ્વારા જઈ શકાય છે. સાંજે દર્શન કરી પરત કટરા. **રાત્રી રોકાણ કટરા** (B+D)

### દિવસ-૯ : કટરાથી જમ્મુ (૫૨ કિ.મી. ૨ કલાક)
સવારે કટરાથી જમ્મુ જવા માટે પ્રસ્થાન. નવભારત ટુરીઝમ દ્વારા આયોજીત યાદગાર પ્રવાસના અનુભવ સાથે જમ્મુ રેલ્વે સ્ટેશન પર ડ્રોપ કરવામાં આવશે. (B)

### અગત્યની સૂચના

- પ્રવાસમાં જોડાનાર દરેક પ્રવાસીએ શ્રીનગર પહોંચવાનું રહેશે.
- સવારે ૧૧-૦૦ થી બપોરે ૨-૦૦ કલાક સુધીમાં શ્રીનગર એરપોર્ટ પહોંચતા પ્રવાસીને પીકઅપની વ્યવસ્થા કંપની તરફથી રહેશે. અન્ય પ્રવાસીએ એરપોર્ટથી પ્રી-પેડ ટેક્ષી દ્વારા હોટલ પર પહોંચવાનું રહેશે.
- ત્રીજી વ્યક્તિ માટે રૂમમાં બેડ વગર ફક્ત એક્સ્ટ્રા મેટ્રસની વ્યવસ્થા રહેશે.
- રોયલ ટુરમાં જોડાનાર પ્રવાસીઓને ગુલમર્ગમાં રાત્રી રોકાણ રહેશે. જેમાં સાંજનું ડીનર અને સવારના બ્રેકફાસ્ટની વ્યવસ્થા હોટલમાંથી રહેશે.
- કટરામાં સાંજનું ડીનર અને સવારના બ્રેકફાસ્ટની વ્યવસ્થા હોટલમાંથી રહેશે. લંચ રહેશે નહીં.
- પ્રવાસમાં સંખ્યા મુજબ નોન એ.સી. વાહનની વ્યવસ્થા રહેશે.
- પહેલગામમાં સ્થાનિક સ્થળોની મુલાકાત યુનીયનના વાહન દ્વારા કરાવવામાં આવશે.
- શ્રીનગર રોકાણ દરમ્યાન દાલ લેકમાં ૪ પ્રવાસી વચ્ચે ૬૦ મિનીટની એક શિકારા રાઈડ કંપની તરફથી રહેશે.
- પ્રવાસી દીઠ દરરોજ એક લીટરની મીનરલ વોટરની બે બોટલ આપવામાં આવશે.
- શ્રીનગર અને પહેલગામમાં સવારે ચા-કોફી-નાસ્તો તથા બપોરના અને સાંજના ભોજનની વ્યવસ્થા નવભારત ટુરીઝમના કિચનમાંથી રહેશે.
- ગુલમર્ગમાં આવેલ ગંડોલા (રોપ-વે/કેબલ કાર) ટિકિટનું બુકીંગ ક્રેડીટ કાર્ડ દ્વારા ઓનલાઈન થઈ શકે છે. **https://www.jammukashmircablecar.com/**
- પહેલગામથી કટરા અને કટરાથી જમ્મુ જવા માટે સંખ્યા પ્રમાણે વાહનની વ્યવસ્થા રહેશે. કટરા રેલ્વે સ્ટેશનથી કટરા હોટલ અને કટરા હોટલથી કટરા રેલ્વે સ્ટેશન પ્રવાસીએ સ્વખર્ચે આવવા-જવાનું રહેશે. પીક અપ - ડ્રોપની વ્યવસ્થા રહેશે નહીં.
- પ્રવાસમાં જરૂરી સંખ્યા (૨૫ વ્યક્તિ) ન થાય તો તેવા પ્રવાસમાં સવારનો બ્રેકફાસ્ટ અને સાંજના ડીનરની વ્યવસ્થા હોટલમાંથી રહેશે. લંચ રહેશે નહીં.
- આ સંજોગોમાં પ્રવાસ રદ કરાવનાર પ્રવાસીએ એર ટિકીટ અથવા રેલ્વે ટિકિટનું કેન્સલેશન પોતે ભોગવવાનું રહેશે. કંપની જવાબદાર નથી.
- હોટલના ચેક-ઈન અને ચેક-આઉટ સમય પ્રમાણે રૂમની વ્યવસ્થા રહેશે. સમયથી વહેલા પહોંચનાર અને ચેક-આઉટ સમય પ્રમાણે રૂમ ચેક-આઉટ કરી પ્રવાસીએ હોટલના વેઈટીંગ એરીયામાં બેસવાનું રહેશે.
- **કાશ્મીરમાં વોડાફોન, એરટેલ, બીએસએનએલ અને જીઓના ફક્ત પોસ્ટ પેઈડ કનેક્શન વાળા જ મોબાઈલ ચાલે છે.**